# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૪/૧૯-૨૦/૧૬૫૦-૪** તા.૦૬.૦૩.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૯/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: જયેશ રાજકુમાર મકોઇલાલ, ગામ - રાજકોટ **સબડીવીઝન:** ઉદ્યોગનગર રાજકોટ શહેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

તારીખ: ૦૪-૦૩-૨૦૨૦ (બુધવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓને નામ ટ્રાન્સફર તથા લોડ ઘટાડા ની તા.૨૧.૧૨.૧૯ ની અરજી અન્વયે તા.૦૨.૦૧.૨૦ ના રોજ રજી. ચાર્જ અન્વયે પીજીવીસીએલ દ્વારા તા.૨૮.૦૧.૨૦ ના રોજ ભાવપત્રક આપેલ જે અરજદારે તા.૦૫.૦૨.૨૦ ના રોજ ભરપાઈ

કરેલ છે. આમ અરજદારને આધાર પૂરાવ માટે વીજ બીલની જરૂરીયાત હોય સદર બાબતે પીજીવીસીએલ દ્વારા કાર્યવાહી ન થતા અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર ની લેખીત ફરિયાદ મુજબ તેઓને નામ ટ્રાન્સફર તથા લોડ ઘટાડા ની તા. ૨૧.૧૨.૧૯ ની અરજી અન્વયે તા.૦૨.૦૧.૨૦ ના રોજ રજી. ચાર્જ નોંધણી અન્વયે પીજીવીસીએલ દ્વારા તા.૨૮.૦૧.૨૦ ના રોજ ભાવપત્રક આપેલ જે અરજદારે તા.૦૫.૦૨.૨૦ ના રોજ ભરપાઈ કરેલ તેમજ તા.૦૬.૦૨.૨૦ ના રોજ એગ્રીમેન્ટ કરેલ છે. આમ અરજદારની ફરિયાદનું નિરાકરણ થતા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૦૬.૦૨.૨૦ ના રોજ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરિયાદનું નિરાકરણ થતા - અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૦૬.૦૨.૨૦ મુજબ સદર બાબતે અરજદાર ને કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

૩.૧ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |